# રાજકોટની નામચીન 'બાટલી' ગેંગના ૧૪ સભ્યો વિરૂધ્ધ ગુજસીટોક




## નવ સભ્યોની ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી : જો કે મુખ્ય સૂત્રધાર પાસા હેઠળ વડોદરા જેલમાં, ૪ સભ્યો વોન્ટેડ : દસ વર્ષથી બાટલી ગેંગના ૫૭ જેટલા ગુના

રાજકોટ:

રાજકોટમાં એક પછી એક ગુના આચરી શહેરની શાંતિ હણનાર ટોળકીઓ સામે ગુજસીટોક એટલે કે ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ એક્ટ-૨૦૧૫ હેઠળ કાર્યવાહી કરવાનું પોલીસે જારી રાખ્યું છે. ક્રાઈમ બ્રાંચે આજેબાટલી તરીકે ઓળખાતી ગેંગનાં ૧૪ સભ્યો વિરૂધ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધી નવ સભ્યોની ધરપકડ કરી હતી. જો કે ગેંગનો મુખ્ય સૂત્રધાર જામનગર રોડ પરથી વાલ્મીકીવાડી-૩માં રહેતો સાવન ઉર્ફે લાલી સંજય વાઘેલા હાલ પાસા હેઠળ વડોદરાની જેલની હવા ખાઈ રહ્યો છે જ્યાંથી તેનો કબજો લેવામાં આવશે. બાટલી ગેંગનાં ચાર સભ્યો હજુ હાથમાં નહીં આવતા તમામની ક્રાઈમ બ્રાંચે શોધખોળ જારી રાખી છે. શહેરમાં શેરીઓ, ગલીએ લુખ્ખાઓની ફૌજ ઉભી થઇ ગઇ છે. આમ, લુખ્ખાઓ છાશવારે ગંભીર ગુના આચરી કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ સામે સવાલો ઉભા કરે છે.

આવા લુખ્ખાઓ અને માથાભારે તત્વોને નાથવા માટે અગાઉ પોલીસ પાસે એક માત્ર પાસા જેવું હથિયાર હતું. જે હવે બુઠ્ઠું થઇ રહ્યું છે. પાસાની પણ કોઇ અસર થતી ન હોવાથી હવે પોલીસે ગુજસીટોક જેવા આકરા કાયદા હેઠળ કાર્યવાહી શરૂ કર્યું છે. જેનું નેતૃત્વ ક્રાઈમ બ્રાંચે સંભાળ્યું છે. કારણ કે સ્થાનિક પોલીસ લુખ્ખાઓ અને માથાભારે તત્વોને નિયંત્રિત કરવામાં સરેઆમ નિષ્ફળ નિવડી છે.

આ સ્થિતિમાં ક્રાઈમ બ્રાંચે થોડા સમય પહેલા મંગળા રોડ પર જાહેરમાં અંધાધૂંધ ફાયરિંગ કરી કાયદો-વ્યવસ્થાની સ્થિતિનાં ધજ્જીયા ઉડાવનાર પેંડા અને મુરગા ગેંગ સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરી હતી. ત્યાર પછી બાટલી ગેંગ સામે ગુનો દાખલ કર્યો છે.


શહેરમાં ૨૦૧૬ની સાલથી લઇ ૨૦૨૫ સુધીમાં બાટલી ગેંગે ખૂન, ખૂનની કોશિષ, લૂંટ, ગેરકાયદે મંડળી રચી હુમલાઓ, ચોરી, સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ પર હુમલા, ધાકધમકી, ડ્રગ્સનું વેંચાણ જેવા ૩૦ ગુના આચરી પ્રજામાં તો ભયનું વાતાવરણ ફેલાવ્યું હતું. સાથોસાથ પોલીસ અને કાયદાને પણ ખુલ્લો પડકાર ફેંક્યો હતો.

૨૦૧૬થી ૨૦૨૫ સુધીમાં બાટલી ગેંગે ગંભીર પ્રકારનાં ૩૦ અને દારૂ-જુગાર જેવા મળી ૫૭ ગુના આચર્યા હતાં. જેમાંથી ૩૦ ગંભીર ગુના ધ્યાને લઇ ક્રાઈમ બ્રાંચે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરી છે. તપાસ આ વખતે ક્રાઈમ બ્રાંચે પોતાની પાસે રાખવાને બદલે નોર્થ વિભાગનાં એસીપીને સોંપી છે. જેનાં દ્વારા બાટલી ગેંગના ધરપકડ કરાયેલા તમામ નવ સભ્યોનાં રિમાન્ડ માંગવામાં આવશે. એટલું જ નહીં ગુનાખોરી આચરી, એકત્રિત કરેલી મિલ્કતો પણ ટાંચમાં લેવાની કાર્યવાહી કરવામાં આવશે.

જો કે ક્રાઈમ બ્રાંચે બાટલી ગેંગ સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવાથી લુખ્ખાગીરી, ગુંડાગીર્દી અને ગુનાખોરી અંકુશમાં આવી જશે તેમ માનીને ચાલશે તો તે ભૂલ ભરેલું હશે તેમ પણ જાણકારોનું કહેવું છે. કારણ કે શહેરમાં હજુ પણ સંખ્યાબંધ લુખ્ખાઓ અને માથાભારે તત્વો સક્રિય છે. જે જુદી-જુદી ગેંગો સામે ગુજસીટોક હેઠળની કાર્યવાહી છતાં સુધરવાનું નામ નથી લઇ રહ્યા અને છાશવારે એક પછી એક કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કરે તેવા ગુના આચરી રહ્યા છે.

# પ્રધાનમંત્રી મોદીના સોમનાથ આગમનને લઈ જિલ્લા વહીવટી તંત્રની તડામાર તૈયારી

## ઐતિહાસિક પ્રસંગને લઈ વિશેષ આયોજનની સંભાવના: ૧૦૦૦ અશ્વ સોમનાથ ખાતે એકઠા કરાશે



વેરાવળ

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ૧૧ જાન્યુઆરીથી ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન રાજકોટ ખાતે યોજાનારી વાઈબ્રન્ટ સમિટ, રોડ શો સહિતના વિવિધ કાર્યક્રમોમાં તેઓ હાજરી આપવાના છે. આ સાથે જ પ્રધાનમંત્રી સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવી શકે છે તેવી મજબૂત સંભાવનાઓ સામે આવી રહી છે. પ્રધાનમંત્રીના સંભવિત સોમનાથ આગમનને લઈ જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ હરકતમાં આવી ગયો છે. જિલ્લા કલેક્ટર તથા જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા અને કાર્યક્રમ સંબંધી આયોજનને લઈ બેઠકોનો દોર શરૂ થયો છે. આધારભૂત સૂત્રોમાંથી મળતી મહત્વપૂર્ણ માહિતી મુજબ, ઈ.સ. ૧૦૨૬માં મહંમદ ગઝનવીએ સોમનાથ પર ચડાઈ કરી હતી, અને હાલ ઈ.સ. ૨૦૨૬માં આ ઐતિહાસિક ઘટનાને ૧૦૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ ઐતિહાસિક સંદર્ભને ધ્યાનમાં રાખી સોમનાથ ખાતે વિશેષ અને મહત્વપૂર્ણ કાર્યક્રમ યોજાવાની શક્યતા છે.

આ કાર્યક્રમ અંતર્ગત ૧૦૦૦ અશ્વ સોમનાથ ખાતે એકત્ર કરવાની તૈયારી, રાજ્યભરમાંથી પોલીસ માઉન્ટેડ દળના અશ્વોને સોમનાથ લાવવાની શક્યતા તેમજ વિશાળ જાહેર સભા યોજવાની પણ ચર્ચા ચાલી રહી છે. જાહેર સભા માટે સદભાવના ગ્રાઉન્ડ ખાતે તંત્ર દ્વારા પ્રાથમિક વિઝિટ પણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સોમનાથ મંદિર ટ્રસ્ટમાં અધ્યક્ષ પદે સેવા આપી રહ્યા છે. હાલ સોમનાથ મંદિર કોરિડોર પ્રોજેક્ટ ઝડપથી આગળ વધી રહ્યો છે, તેમજ મંદિર આસપાસની જમીન સંપાદન પ્રક્રિયા પણ પૂરજોશમાં ચાલી રહી છે. આથી પ્રધાનમંત્રીની સંભવિત મુલાકાત દરમિયાન કોરિડોર પ્રોજેક્ટ અંગે મહત્વપૂર્ણ નિર્ણય અથવા વિકાસ સંબંધિત નવા દિશાનિર્દેશ આપવામાં આવી શકે છે તેવી સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે.

# રાજકોટમાં ગૌરક્ષકો પર ૧૫ લોકોની ટોળકીએ કર્યો તીક્ષ્ણ હથિયાર વડે હુમલો



રાજકોટ:

રાજકોટમાં લીમડા ચોક પાસે પંચનાથ મહાદેવના મંદિરની સામે બે ગૌરક્ષક પર ટોળકીએ છરીથી જીવલેણ હુમલો કરતાં ચકચાર મચી છે. શનિવારે (૩ જાન્યુઆરી)ના રોજ બે ગૌરક્ષકે પશુને કતલખાને જતાં બચાવવા જિંદગીની બાજી લગાવી હતી. ૧૫ થી ૨૦ ઈસમોએ વળતો પ્રહાર કરી બે ગૌરક્ષક પર હુમલો કર્યો હતો. જેમાં એકને ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલમાં દાખલમાં કર્યો છે. બે જીવદયા પ્રેમી ગૌરક્ષક શનિવારની રાત્રે સદર બજારમાં પશુને કતલખાને જતાં બચાવવા ડેરો નાખીને ઊભા હતા. તેમણે બાતમી મળી હતી કે લીમડા ચોક પાસે પંચનાથ મહાદેવના મંદિર સામે પશુહત્યા કરનાર ઈસમો હેરાફેરી કરી રહ્યા છે, જેથી જોર શોરથી બૂમો પાડી પશુ અંગો ભરેલી રિક્ષા અટકાવી હતી. આરોપીએ ત્યાંથી વાહન સાથે ભાગી જવાનો પ્રયાસ કરતો હતો ત્યાં અન્ય એક ફોર વ્હીલ સાથે રિક્ષા અથડાવી દીધી હતી. છતાં પણ હિંમત રાખી બંને ગૌરક્ષકોએ પશુ અંગો ભરેલી રિક્ષા સાથે ઈસમને પકડી પાડ્યો હતો અને પોલીસ કંટ્રોલ રૂમમાં બનાવની જાણ કરી હતી. પણ તે જ સમયે ૧૫ થી ૨૦ ઈસમો ત્યાં આરોપીને બચાવવા આવી પહોંચ્યા હતા, અને બંને ગૌરક્ષક પર છરીથી ઘાતકી હુમલો કરી દીધો હતો.

# લગ્નની લાલચે નર્સનું શારીરિક શોષણ, ૮.૫૦ લાખ પણ લઈ લીધા

## ભગવતીપરાનાં શખ્સે કુંવારો હોવાનું કહી આચરેલું કૃત્ય : આરોપીને તેની સંબંધી મહિલા સાથે પ્રેમ સંબંધ હોવાની જાણ થતાં ભાંગી પડેલી મહિલાએ ફરિયાદ નોંધાવી દીધી

રાજકોટ: રાજકોટમાં રહેતી અને નર્સ તરીકે ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતી મહિલાને ભગવતીપરામાં રહેતા બાબાશા યાશીનશા પઠાણે પ્રેમજાળમાં ફસાવી, પોતે અપરિણીત હોવાનું કહી, લગ્નની લાલચ આપી, શારીરિક શોષણ તો કર્યું જ હતું. પરંતુ રૂા. ૮.૫૦ લાખ અને સોનાનો ચેઈન પણ લઈ લીધો હતો. આખરે છેતરાઇ ગયાનો અહેસાસ થતાં મહિલાએ ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ભોગ બનનાર મહિલાએ પોલીસને જણાવ્યું કે ૨૦૨૨માં તે જે ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતી હતી ત્યારે ત્યાં બાબાશાનો પિતા દાખલ થયો હતો. જેને કારણે તે બાબાશાનાં સંપર્કમાં આવતાં બંને વચ્ચે મિત્રતા થઇ હતી અને પછી પ્રેમ સંબંધ બંધાયો હતો.

તે વખતે બાવાશાએ તેને કહ્યું કે તે અપરિણીત છે અને તેની સાથે લગ્ન કરશે. ૨૦૨૨માં બાબાશા તેનાં રૂમ ઉપર આવ્યો હતો અને ત્યાં ઉપરાંત હોટલમાં શરીર સંબંધ બાંધ્યો હતો. તેનાં થોડા વખત બાદ તેને બાબાશા પરિણીત હોવાનું જાણવા મળતા તેની સાથે સંબંધ તોડી નાખ્યો હતો. એટલું જ નહીં બોલવાનું પણ બંધ કરી દીધું હતું.

તેનાં આઠેક માસ બાદ બાબાશા તેનાં રૂમ પર આવ્યો હતો અને કહ્યું કે તેને પત્ની સાથે હવે રહેવું નથી, તેની સાથે ચાર-પાંચ દિવસમાં લગ્ન કરી લેશે. ત્યાર પછી દસેક દિવસ તેની સાથે રહી સંબંધ બાંધ્યો હતો. આ પછી તે બીજે રહેવા જતાં ત્યાં પણ આવી તેની સાથે શરીર સંબંધ બાંધતો હતો.

આ સમય દરમિયાન તેની પાસેથી કટકે-કટકે રૂા. ૮.૫૬ લાખ હાથ ઉછીના લીધા હતા. તે રકમ પરત માંગતી ત્યારે પૈસા આવી જશે ત્યારે આપી દઈશ તેવા બહાના બનાવતો હતો. તેનો ૮ ગ્રામ સોનાનો ચેન પણ પહેરવા લઈ લીધો હતો. તે સોનાનો ચેન અને પૈસા માગંતા ટૂંક સમયમાં આપી દઈશ તેમ કહેતો હતો. તેને ફરીથી શરીર સંબંધ બાંધવાનું કહેતાં આ વખતે તેણે લગ્ન પછી જ એમ કહી દીધું હતું. આ વખતે તેને આપણે લગ્ન કરવાનાં જ છે તેમ કહી શરીર સંબંધ બાંધવાનું જારી રાખ્યું હતું.

ગત જૂન માસમાં તેને બાબાશાને તેનાં કુટુંબી મહિલા સાથે પ્રેમ સંબંધ હોવાની જાણ થઈ હતી. જેથી આ બાબતે બાબાશાને પુછતાં તેની સાથે ઝઘડો કરી ક્યાંક જતો રહ્યો હતો. મોબાઈલ ફોન પણ બંધ કરી દીધો હતો. આ સ્થિતિમાં તે તેનાં ભગવતીપરામાં આવેલા મકાને તપાસ કરવા ગઇ ત્યારે ત્યાંથી મકાન ખાલી કરી જતો રહ્યાનું જાણવા મળતાં આખરે તેનાં વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. જો કે બાબાશા હજુ પોલીસનાં હાથમાં આવ્યો નથી. ઉલ્લેખનીય છે કે શહેરમાં લગ્નની લાલચ આપી આ રીતે મહિલાઓ અને યુવતીઓના શારીરિક શોષણની ઘટનાઓ હવે સામાન્ય બની ગઇ છે.

# પિતા સાથે થયેલી માથાકૂટનો બદલો લેવા નરાધમે બાળક પર હેવાનિયત આચરી

## ટંકારા પંથકની ચકચારી ઘટના : પોલીસે બિહારી શખસને પકડી પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા

મોરબી, બદલાની ભાવના માણસના મનમાં જન્મયા બાદ તે ગુનાખોરીનો રસ્તો અપનાવી લ્યે છે. ત્યારે બાળકના પિતા સાથે થયેલી માથાકૂટનો બદલો લેવા નરાધમે માસુમ બાળકને પીંખી નાખ્યું હોવાની ઘટના સામે આવી છે જે ઘટનામાં ટંકારા પંથકના એક કારખાનામાં રહેતા બે વર્ષના માસુમ બાળકને હેવાનિયતનો શિકાર બનાવી યુવાને સૃષ્ટિવિરૂધ્ધનું કૃત્ય કરતા ચકચાર મચી જવા પામી હતી. આ ઘટનાની ગંભીરતાને લઇને ડીવાયએસપી અને ટંકારા પોલીસની ટીમે આરોપીને ઝડપી પાડી તપાસ હાથ ધરી છે.

બનાવની વિગતો મુજબ ટંકારા પંથકમાં આવેલી એક ફેકટરીમાં ઉત્તરપ્રદેશથી આવીને મજૂરી કામ કરતા પરિવારનો ૨ વર્ષનો માસૂમ બાળક રમી રહ્યો હતો. દરમિયાન ત્યાં જ કામ કરતા અને મૂળ બિહારના વતની રામ વિકાસ તૈલી (ઉ.વ.૩૮) નામના શખસે બાળકને પોતાની હવસનો શિકાર બનાવ્યો હતો. નરાધમે માસૂમ સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચરતા બાળકને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જે બાદ ઘટના પ્રકાશમાં આવી હતી અને ટંકારા પોલીસની ટીમે ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને બાળકનું મેડીકલ ચેકઅપ સહિતની કામગીરી કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. તો ટંકારા પોલીસે તપાસ દરમિયાન આરોપી રામ વિકાસ તૈલીને ઝડપી પાડી રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરવામાં આવતા દિવસ ૫ ના રિમાન્ડ મંજુર કર્યા છે.બાળકના પિતાને કારખાનામાં બોલાચાલી થયા બાદ ઝઘડો વધ્યો હતો અને ઝપાઝપી થઇ હતી જેથી તે વાતનો ખાર રાખી આરોપીએ માસુમ બાળકની માતા પોતાની ઓરડીમાં રસોઇ બનાવી રહી હતી. દરમિયાન બાળક રમતા રમતા આરોપીની ઓરડીમાં ચાલ્યું જતા આરોપીએ બાળકના પિતા સાથે બદલો લેવાનો વિચાર આવતા બાળક સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચર્યુ હતું. આ અંગે પોલીસે આરોપીની પૂછપરછ હાથ ધરી છે.

# ગોંડલમાં યુવક પાસે પૂર્વ મહિલા કર્મીએ પત્ની અને ભાઈ સાથે મળી ધંધાના નામે ખંખેર્યા ૧.૩૭ કરોડ

ગોંડલ

ગોંડલના ગુંદાળા રોડ પર જય સરદાર રેસી.માં રહેતા રવિ કેશવલાલ રામોલીયા (ઉ.વ.૩૧)એ તેની જ સાથે અગાઉ નોકરી કરતી યુવતીની વાતમાં આવી આયાત-નિકાસના નામે યુવતી તેના ભાઇ અને પતિની જાળમાં ફસાઇને ૧.૩૯ લાખ રૂપીયા ગુમાવ્યાની ગોંડલ બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ છે.

ફરિયાદીની વિગતો મુજબ રવિ કોમ્પ્યુટર ડિસ્પ્લે ઈક્વીપમેન્ટ નામની કંપનીમાં નોકરી કરે છે. તેથી સાથે ૨૦૧૮માં સોનલ જગદીશભાઇ દુધાત્રા નોકરી કરતી હતી. ૨૦૧૯માં સોનલે નોરી છોડી દીધી હતી. એક વર્ષ બાદ સોનલે પોતે ઇમ્પોર્ટ-એક્ષપોર્ટનો વ્યવસાય કરે છે તેમાં રોકાણ કરવાથી ચાર ટકા જેવું વળતર મળશે કહી જાળ બીછાવી હતી. યુવતીએ પોતે તેના ભાઇ ઉત્સવ સાથે વ્યવસાય કરે છે તેવી વાત ફરિયાદી યુવક રવિ અને તેના પિતા-પરિવારને કહી હતી. વિશ્વાસમાં આવી એકાદ વર્ષ સુધીમાં ૨૫ લાખ જેવું રોકાણ કર્યુ જેની સામે ૪ ટકા વળતર બંને ભાઇ-બહેન ચુકવતા હતા. વધુ રોકાણ માટે સોનલે વાત કરતા રવિએ તેનું મકાન, શેડ વેચીને ૬૦ લાખ ઉપરાંત બનેવી તથા સાઢુ પાસેથી ૩૦ લાખ લઇને ૨૦૨૦થી ૨૦૨૩ સુધીમાં આપ્યા હતાં. એ સમય દરમિયાન ૨૦૨૧માં સોનલના ઉર્વીશ પટેલ સાથે લગ્ન થયા હતાં. અને ઉર્વીશ પણ ધંધામાં જોડાયો હતો. બંને દુબઇ ચાલ્યા ગયા હતાં. બે વર્ષ સુધી વળતર આપ્યા બાદ રકમ ચુકવતા નહતા. આમ ધંધાના નામે વળતર આપવાનું કહી રોકાણ કરાવી ૧.૩૭ કરોડની છેતરપિંડી વિશ્વાસઘાત આચર્યાનો આરોપ દંપતી સોનલ, ઉર્વિશ અને સોનલના ભાઇ ઉત્સવ પર મુક્યો છે. દંપતીએ બગદાદના વેપારી સાથે પણ દોઢેક કરોડની ઠગાઇ કર્યાનો પણ આક્ષેપ કરાયો છે.

# સાવરકુંડલાના કરજાળા ગામે વતન જવા માટે માતાએ ના પાડતા ૧૭ વર્ષીય તરુણે ઝેરી દવા પીધી

અમરેલી

મૂળ દાહોદ જિલ્લાના અને હાલ સાવરકુંડલાના કરજાળા ગામે ખેતમજૂરી અર્થે રહેતા એક પરિવારના તરુણે નજીવી બાબતમાં ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી હતી. વતન જવાની જીદ પૂરી ન થતા મનમાં લાગી આવતા આ અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક વિગતોમાં બહાર આવ્યું હતું. મળતી માહિતી મુજબ, સાવરકુંડલાના કરજાળા ગામે રહેતા અને મૂળ મોતીવાવ (તા. લીમખેડા, જી. દાહોદ) ના વતની પિન્ટુભાઈ ટીનાભાઈ તડવે (ઉંમર વર્ષ ૧૭) ને પોતાના મૂળ ગામ જવું હતું. આ બાબતે તેણે પોતાની માતાને વતન જવા માટે પૂછ્યું હતું. જોકે, માતાએ અત્યારે જવાની ના પાડી 'થોડા દિવસ પછી જઈશું' તેમ કહ્યું હતું.

માતાએ વતન જવાની ના પાડતા પિન્ટુભાઈને મનમાં ખોટું લાગી આવ્યું હતું. આવેશમાં આવીને આ તરુણે પોતાની મેળે જ ઘાસમાં (ખડમાં) નાખવાની ઝેરી દવા પી લીધી હતી. ઝેરની અસર થતા તરુણની તબિયત લથડી હતી, જેથી તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આ ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# કોઠારીયા ચોકડી પાસે વાહનચાલક અને મહિલા ટ્રાફિક પોલીસ વચ્ચે ઝપાઝપી

## વાહનચાલક સામે ફરજમાં રૂકાવટનો ગુનો નોંધાયો

રાજકોટ:રાજકોટમાં ગત ૨ જાન્યુઆરીના પ્રેસની ખોટી ઓળખ આપી એક શખ્સે ટ્રાફિક પોલીસ સાથે ઝપાઝપી કરી હતી. જે ઘટનાનો વીડિયો વાયરલ થયો છે. શહેરની કોઠારીયા ચોકડી પાસે વાહન ચેકિંગમાં રહેલા મહિલા ટ્રાફિક હેડ કોન્સ્ટેબલે આરટીઓ માન્યતા વિનાની નંબર પ્લેટ સાથે આવેલા વાહન ચાલકને રોકતા તે સંજય ધામેચા નામના શખ્સે પ્રેસમાં હોવાની ખોટી ઓળખ આપી દંડ ભર્યો ન હતો. જે બાદ ઝપાઝપી કરી ટ્રાફિક પોલીસ સાથે મારામારી કરી હતી અને મહિલા ટ્રાફિક પોલીસને કાંડામાં ઈજા પહોંચાડી હતી. જોકે આ અંગે આજીડેમ પોલીસે ફરજમાં રૂકાવટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વાયરલ થયેલા વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે, આરટીઓ માન્યતા વિનાની નંબર પ્લેટ સાથે આવેલા વાહન ચાલકને રોકવામાં આવતા તે ટ્રાફિક પોલીસ સાથે મારામારી કરે છે અને પછી અન્ય વ્યક્તિને વીડિયો ઉતારવાનું કહે છે. જ્યારે અન્ય વીડિયોમાં સંજય ધામેચા કહે છે કે, મારો કોલર શા માટે પકડ્યો? જેથી પોલીસે કહ્યું કે તમે ગાળ બોલ્યા હતા. જે બાદ યુવાને આક્ષેપ કર્યો હતો કે તમે મારો ફોન તોડી નાખ્યો જ્યારે સામે પક્ષે પોલીસે કહ્યું કે અમે અમારી ફરજ બજાવતા હતા અને ત્યારબાદ તે શખ્સે પોલીસનો કોલર પકડી ઝપાઝપી કરી.

રાજકોટ શહેરમાં ટ્રાફિક શાખામાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા સેજલબેન પરમારે આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ૨ જાન્યુઆરીના બપોરે કોઠારીયા ચોકડી બ્રીજ ઉપર ફરજ પર હતા ત્યારે ૧૨.૨૫ વાગ્યે કોઠારીયા ચોકડી ઉપર વાહન ચેકીંગની કરતા હતા. આ દરમિયાન આર.ટી.ઓ માન્ય નંબર પ્લેટ વગરનુ એક વાહન આવતા તેને રોકી તેના નંબર જોતા ય્ત્ન૧૦ઈ૬ ૭૬૧૩ લખ્યુ હતુ. જેથી વાહન ચાલકને દંડ ભરવાનુ કહ્યુ હતુ.

જે સમયે તેમણે જણાવ્યુ હતુ કે, હુ પ્રેસમાથી છુ અને મારુ નામ સંજયભાઈ ધામેચા છે તમે કાયમ અહી બધા વાહન ચાલકોને હેરાન કરો છો તેમ કહી બોલાચાલી કરવા લાગ્યા હતા. જે બાદ ઝપાઝપી કરતા મને કાંડાના ભાગે મુંઢ ઈજા થઈ હતી અને આ દરમ્યાન તેનો મોબાઈલ ફોન નીચે પડી ગયો હતો. જેથી તે ભાઈ અમારી પર આક્ષેપ કરવા લાગ્યા હતા કે તમે મારો મોબાઈલ તોડી નાખ્યો છે. જેથી તેનો ખર્ચ આપી દો. ઈન્ચાર્જ જીં ડી.પી.ગોહીલે તે ભાઈને પૂછ્યું હતુ કે તમો કયા પ્રેસમા છો તમારી પાસે આઈકાર્ડ છે? તો તે ભાઈએ આઈકાર્ડ ન હોવાનુ જણાવ્યુ હતુ અને કોઇ પ્રેસનુ નામ આપ્યુ ન હતુ. જેથી પોલીસે ફરજમાં રૂકાવટ ન ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# વડીયાના લાખાપાદર ગામે ગ્રામ પંચાયતની પાણીની મોટરનો 1000 ફૂટ કેબલ ચોરાયો

અમરેલી

અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના લાખાપાદર ગામમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. ગામની ગ્રામ પંચાયત હસ્તકની પાણીની ઈલેક્ટ્રિક મોટરનો અંદાજે ૧૦૦૦ ફૂટ લાંબો કેબલ વાયર ચોરી કરી અજાણ્યા ત્રણ શખ્સો ફરાર થઈ ગયા હોવાની ઘટના સામે આવી હતી.

મળતી માહિતી મુજબ, આ ચોરીની ઘટના રાત્રિના અંદાજે બે વાગ્યાને સોળ મિનિટે બની હતી. અજાણ્યા ત્રણ તસ્કરોએ પાણી પુરવઠા માટે મહત્વના એવા આશરે ૧૦૦૦ ફૂટ ઈલેક્ટ્રિક કેબલ પર હાથ સાફ કર્યો હતો. બજાર કિંમત મુજબ એક ફૂટના આશરે રૂ. ૪૦ લેખે કુલ રૂ. ૪૦,૦૦૦ ની કિંમતનો વાયર ચોરી કરી તસ્કરો નાસી છૂટ્યા હતા. ગ્રામ પંચાયતની મિલકત અને ગ્રામજનોની પાણીની સુવિધા સાથે જોડાયેલા આ કેબલની ચોરી થતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

આ મામલે અજાણ્યા ત્રણ ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રાત્રિના સમયે થયેલી આ હિંમતભરી ચોરીને પગલે ગ્રામજનોમાં પણ ફાળ પડી હતી અને પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ ઉઠી હતી. વડીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી. બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.